ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

# પંચમહાલ-દાહોદ



**રોજીરોટી બચાવવા ડીજે સંચાલકો પોલીસ વચ્ચે બેઠક યોજાઈ**

## દાહોદમાં ભીલ સમાજ પંચનો મોટો નિર્ણય: દહેજ-દારૂ-ડીજે પર પ્રતિબંધથી ડીજે સંચાલકોની રોજીરોટી ઉપર સંકટ

**પરંપરાગત** લોકગીતોને પ્રાથમિકતા ,નિયમ ભંગ કરનાર સામે કડક કાર્યવાહી



(પ્રતિનિધિ) દાહોદ, તા.3 આદિવાસી બાહુલ્ય ધરાવતા દાહોદ જિલ્લામાં ભીલ સમાજ પંચ દ્વારા દહેજ, દારૂ અને DJ પર પ્રતિબંધનો મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. આદિ અનાદી કાળથી ચાલતી આવી રહેલી પરંપરાગત સંસ્કૃતિ જાળવવાના હેતુસર લેવાયેલા આ નિર્ણય બાદ DJ સંચાલકોની રોજીરોટી પર અસર પડતા મામલો પોલીસ સુધી પહોંચ્યો છે. આ મુદ્દે નાયબ પોલીસ અધિક્ષક અને DJ સંચાલકો વચ્ચે મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી.

મધ્ય ગુજરાતના આદિવાસી વિસ્તારોમાં એક સમય એવો હતો કે વાંસળી, ઢોલ, માંદળ અને થાળીની મધુર ધૂન ગૂંજતી હતી. પરંતુ છેલ્લા કેટલાક વર્ષોમાં પશ્ચિમી સંસ્કૃતિના વધતા પ્રભાવ સાથે DJનો પ્રચાર વધ્યો અને પરંપરાગત વાજિંત્રો પાછળ ધકેલાયા છે.જે બાદ ઉચ્ચ અવાજ અને ધ્વનિ પ્રદૂષણને કારણે પોલીસ દ્વારા 45 ડેસિબલથી વધુ અવાજ પર કાર્યવાહી કરવામાં આવતી હતી. ભીલ સમાજ પંચના પ્રતિબંધ બાદ DJ સંચાલકોની રોજગાર પર ગંભીર અસર પડતા તેઓએ પોલીસનો સહારો લીધો છે.

આ મામલે નાયબ પોલીસ અધિક્ષક જગદીશ ભંડારી અને DJ સંચાલકો વચ્ચે બેઠક યોજાઈ હતી. જેમાં DJ રાત્રે 10 વાગ્યા સુધી જ વગાડવાની મંજૂરી હોસ્પિટલો, શાળાઓ અને સરકારી કચેરીઓ આગળ DJ નહીં બોર્ડ પરીક્ષા દરમિયાન વિશેષ નિયંત્રણ તથા ઓછા અવાજ અને નિયંત્રિત બાસ સાથે DJ વગાડવાની શરત મૂકવામાં આવી છે.

જે માટે DJ સંચાલકોના રોજગાર સંબંધિત પ્રશ્નો પણ DySP સમક્ષ રજૂ કરાયા હતા. તમામ DJ સંચાલકો હવે ભેગા થઈ નક્કી દર,સરકારી મર્યાદા અને નિયમો મુજબ કામગીરી કરશે. હવેથી નિયમોનો ભંગ કરનાર અથવા બહારથી આવી નિયમોનું પાલન ન કરનાર સામે કડક કાર્યવાહી થશે.

**૩ માર્ચે સમયમાં ફેરફાર, સવારે ૬ વાગ્યા બાદ દર્શન બંધ**

## ચંદ્રગ્રહણને પગલે પાવાગઢ કાલિકા માતાજી મંદિર બંધ

૪ માર્ચથી આરતી-દર્શનનો નિયમિત સમય ફરી શરૂ થશે



(પ્રતિનિધિ) હાલોલ, તા.3 સુપ્રસિદ્ધ યાત્રાધામ પાવાગઢ ખાતે શ્રી કાલિકા માતાજી મંદિર ચંદ્રગ્રહણને કારણે આજે દિવસ દરમિયાન ભક્તો માટે બંધ રાખવામાં આવ્યું હતું. વિક્રમ સંવત ૨૦૮૨ ફાગણ સુદ પૂનમ, તા. ૩ માર્ચ ૨૦૨૬ના રોજ ચંદ્રગ્રહણ હોવાથી મંદિર ટ્રસ્ટ દ્વારા અગાઉથી સમયમામાં ફેરફાર અંગે જાહેર સૂચના આપવામાં આવી હતી. ટ્રસ્ટની જાહેરાત મુજબ આજે વહેલી સવારે ૫:૦૦ વાગ્યે માતાજીની આરતી કરવામાં આવી હતી અને સવારે ૬:૦૦ વાગ્યા સુધી મંદિર દર્શન માટે ખુલ્લું રાખવામાં આવ્યું હતું. ત્યારબાદ ચંદ્રગ્રહણ અને સૂતક કાળને ધ્યાનમાં રાખીને સમગ્ર દિવસ માટે મંદિર સંપૂર્ણપણે બંધ રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. મંદિર ટ્રસ્ટે સ્પષ્ટ કર્યું હતું કે આ નિર્ણય ધાર્મિક પરંપરા અને શ્રદ્ધાને અનુરૂપ લેવામાં આવ્યો છે. સાથે જ ભક્તોને જાહેર કરાયેલી સમયસૂચનાનું પાલન કરવા વિનંતી કરવામાં આવી હતી. ટ્રસ્ટ દ્વારા વધુમાં જણાવાયું છે કે તા. ૪ માર્ચ ૨૦૨૬, બુધવારથી શ્રી કાલિકા માતાજી મંદિર ખાતે આરતી અને દર્શનનો નિયમિત સમય ફરીથી યથાવત્ શરૂ કરવામાં આવશે.

**માસિક સ્વચ્છતા અંગેના શૈક્ષણિક કોમિક બુક અને FAQ બુકલેટનું લોકાર્પણ**

## દાહોદ જિલ્લામાં માસિક સ્વાસ્થ્ય અને સ્વચ્છતા અંગે જિલ્લા સ્તરીય વર્કશોપનું આયોજન



(પ્રતિનિધિ) દાહોદ, તા.3 Collectives for Integrated Livelihood Initiatives (CInI) દ્વારા Indus Towers Limited ના સહયોગથી અમલમાં મુકાયેલ "નારી સન્માન - સેનિટેશન, હેલ્થ એન્ડ હાઈજીન પ્રોગ્રામ" અંતર્ગત કલેકટરશ્રી યોગેશ નિરગુડેના અધ્યક્ષ સ્થાને અવંતિકા રિસોર્ટ, દાહોદ ખાતે જિલ્લા સ્તરીય વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં એજ્યુકેશન ઈન્સ્પેક્ટર, એડિશનલ એજ્યુકેશન ઈન્સ્પેક્ટર, રીપ્રોડક્ટિવ ચાઈલ્ડ હેલ્થ ઓફિસર(RCHO) - દાહોદ, તાલુકા હેલ્થ ઓફિસર - દાહોદ અને લીમખેડા તથા જિલ્લા સંકુલ સંયોજકો, Team Leader- CInI Gujarat વિશિષ્ટ અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. વર્કશોપની શરૂઆત દીપ પ્રજ્વલન અને સ્વાગત સંબોધનથી કરવામાં આવી હતી. ત્યારબાદ કાર્યક્રમના હેતુઓ અને અત્યાર સુધીના કાર્ય અંગે પ્રસ્તુતિ આપવામાં આવી હતી. શાળાઓના શિક્ષકોએ માસિક સ્વચ્છતા અંગે જાગૃતિ વધારવા, માસિક ઉત્પાદનોની ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવા અને ટકાઉ માસિક સ્વચ્છતા વિકલ્પોને પ્રોત્સાહન આપવા સંબંધિત તેમના અનુભવો શેર કર્યા હતા. વર્કશોપ દરમિયાન શાળાઓમાં માસિક સ્વચ્છતા વ્યવસ્થાપનને વધુ મજબૂત બનાવવા માટેના અનુભવો, પડકારો અને આગલા પગલાં અંગે ચર્ચા કરવામાં આવી. આરોગ્ય વિભાગના અધિકારીઓએ કિશોરી આરોગ્ય કેમ્પના અનુભવો શેર કરતાં કિશોરીઓમાં સમયસર આરોગ્ય સેવાઓ લેવાની જરૂરિયાત અને શિક્ષણ તથા આરોગ્ય વિભાગ વચ્ચેના સમન્વયના મહત્વ પર પ્રકાશ પાડ્યો હતો.

**ઘૂસર રોડ વિસ્તારમાં બે ઈસમોએ ગડદા-પાટુનો માર મારી મોબાઈલ તોડી નાખ્યો**

## પોલીસને બાતમી કેમ આપી?" કહી યુવક પર જીવલેણ હુમલો

વેજલપુર પોલીસ મથકે ફરિયાદ, આરોપીઓએ મારી નાખવાની ધમકી આપી

(પ્રતિનિધિ) કાલોલ તા.3 કાલોલના ઘૂસર રોડ વિસ્તારમાં પોલીસને બાતમી આપવાના શંકા આધારે ૧૯ વર્ષીય યુવક પર હુમલો કરવાના મામલે વેજલપુર પોલીસ મથકે બે ઈસમો સામે ફરિયાદ નોંધાઈ છે. ઘટનાને લઈને વિસ્તારમાં ચકચાર મચી ગઈ છે.

ઘૂસર રોડ વિસ્તારમાં રહેતા ફૈઝાન ફારુક ખુંધા (ઉં.વ. ૧૯) દ્વારા નોંધાવેલી ફરિયાદ મુજબ, ગત ગુરુવારની રાત્રે આશરે ૧૦:૩૦ વાગ્યે તેઓ ઘૂસર રોડ પર આવેલી ચાઈનીઝ લારી પાસે ઊભા હતા. તે સમયે લુકમાન ઉર્ફે નન્નુ ઈશાક પાડવાનો ફોન આવ્યો હતો અને હારુનભાઈના ખેતર પાસે બોલાવ્યા હતા.

ફૈઝાન ત્યાં પહોંચતા લુકમાન ઉર્ફે નન્નુ અને મોહસીન ઈશાક પાડવા હાજર હતા. બંનેએ "ગાયો ઉતારવાની બાબતે પોલીસને અમારી બાતમી કેમ આપી?" તેમ કહી ગાળો બોલી હતી. બાદમાં લુકમાને ગડદા-પાટુનો માર માર્યો હતો. જ્યારે મોહસીને ફરિયાદીને જમીન પર પાડી છાતીના ભાગે બેસી જઈ ઢોર માર માર્યો હતો.

**ધગધગતા અંગારા પર ઉઘાડા પગે ચાલ્યા આદિવાસી લોકો**

## ગરબાડા તાલુકાના ગાંગરડી ખાતે પરંપરાગત ચુલનો મેળો યોજાયો



(પ્રતિનિધિ) ગરબાડા, તા.3 ગરબાડા તાલુકાના ગાંગરડી ખાતે હોળી પર્વ નિમિત્તે હોળીના બીજા દિવસે વર્ષોથી પરંપરાગત મેળો યોજવામાં આવે છે. આ વર્ષે પણ વર્ષોથી ચાલી આવેલ આદિવાસી સંસ્કૃતિ અને પરંપરાને જાળવી રાખતો મેળો યોજાયો હતો, જેને "ચુલનો મેળો" કહેવામાં આવે છે. કહેવાય છે કે, આદિવાસી સંસ્કૃતિમાં હોળીનું મહત્વ ઘણું છે, જેથી કરીને હોળીના તહેવારના એંધાણ થતાં જ ગુજરાતના ખૂણે - ખૂણેથી કામ અર્થે ગયેલા દાહોદવાસીઓ પોતાના બોરી - બિસ્તરા બાંધીને ઘરભણી પ્રયાણ કરી દેતા હોય છે. વડીલોના જણાવ્યાનુસાર આ મેળાની શરૂઆત સવારના ૬ વાગ્યાથી થઈ જતી હોય છે. જેમાં આગલા દિવસે દહન કરેલી હોળી માતાને શાંત કરવા માટે ગામની વહુઆરુઓ માથે બેડલું પાણી લઈને એને ઠારવવા માટે વહેલી સવારથી જ નીકળી પડતી હોય છે. હોળીની ચારે બાજુથી પિત્તલના લોટા વડે પાણી અર્પણ કરીને હોળીમાતાને શાંત કરવા પ્રાર્થના કરતી હોય છે. આ મેળામાં ગામેગામથી લોકોની સવારથી જ અવર - જવર ચાલુ થઈ જાય છે. એ સાથે બીજી તરફ વર્ષોથી વડદાદાઓએ પસંદ કરેલ એ જ જગ્યા પર લોકો પોતાના બાળકોને સાથે રાખીને પિત્તળના લોટા અને નારિયેળ વડે પ્રદક્ષિણા કરતા જઈને પાણી અર્પણ કરે છે. કહેવાય છે કે, અહીં પાણી અર્પણ કરી બાધા માનવાથી બાળકોને થયેલા રોગ મટી જાય છે.

**લીમખેડા ઘટક-૧ના તમામ આંગણવાડી કેન્દ્ર ઉપર હોળી પર્વ ની ઉજવણી કરવામાં આવી**



**દાહોદ. :** જિલ્લા પ્રોગ્રામ ઓફિસર ઇરાબેન ચૌહાણના માર્ગદર્શન હેઠળ લીમખેડા તાલુકાના લીમખેડા ઘટક-૧ હ પલ્લી ગામની આંગણવાડી કેન્દ્ર પલ્લી-૫ ખાતે હોળી પર્વની હર્ષોલ્લાસભેર ઉજવણી કરવામાં આવી હતી. હોળી પર્વની ઉજવણી અંતર્ગત બાળકો દ્વારા હોળી વિષયક વિવિધ શૈક્ષણિક પ્રવૃત્તિઓ કરાવવામા આવી હતી. બાળકો રંગબેરંગી વસ્ત્રોમાં ખૂબ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આંગણવાડી કાર્યકર બહેનો દ્વારા બાળકોને હોળી પર્વનું મહત્વ સમજાવવામાં આવ્યું તેમજ પર્યાવરણમિત્ર અને સુરક્ષિત હોળી ઉજવવાનો સંદેશ આપવામાં આવ્યો. ઉપસ્થિત વાલીઓ અને ગામજનોએ પણ કાર્યક્રમમાં જોડાઈ બાળકોનો ઉત્સાહ વધાર્યો હતો. કાર્યક્રમના અંતે બાળકોને મીઠાઈ અને નાસ્તાનું વિતરણ કરવામાં આવ્યું હતું.

## ઝાલોદ તાલુકાના ઘટક-૧ના આંગણવાડી કેન્દ્ર ઉપર હોળી,ધૂળેટી પર્વની ઉજવણી




(પ્રતિનિધિ) દાહોદ, તા.3 જિલ્લા પ્રોગ્રામ ઓફિસર ઈરાબેન ચૌહાણના માર્ગદર્શન હેઠળ ઝાલોદ તાલુકાના ઝાલોદ ઘટક-૧ના તમામ આંગણવાડી કેન્દ્રો પર હોળી,ધૂળેટી પર્વની હર્ષોલ્લાસભેર ઉજવણી કરવામાં આવી હતી. હોળી પર્વની ઉજવણી અંતર્ગત બાળકો દ્વારા હોળી વિષયક વિવિધ શૈક્ષણિક પ્રવૃત્તિઓ કરાવવામા આવી હતી. બાળકો રંગબેરંગી વસ્ત્રોમાં ખૂબ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આંગણવાડી કાર્યકર બહેનો દ્વારા બાળકોને હોળી પર્વનું મહત્વ સમજાવવામાં આવ્યું તેમજ પર્યાવરણમિત્ર અને સુરક્ષિત હોળી ઉજવવાનો સંદેશ આપવામાં આવ્યો. ઉપસ્થિત વાલીઓ અને ગામજનોએ પણ કાર્યક્રમમાં જોડાઈ બાળકોનો ઉત્સાહ વધાર્યો હતો. કાર્યક્રમના અંતે બાળકોને ખજૂર ખવડાવવામાં આવી હતી.

**શિક્ષણની સાથે સામાજિક ઉત્તરદાયિત્વ નિભાવવામાં હંમેશા અગ્રેસર રહેતી લીમડી**

## ' એચીવર પ્રિ સાયન્સ સ્કૂલ અને કોલેજ ખાતે 'સુવર્ણ પ્રાશન'ના કાર્યક્રમ યોજાયો



(પ્રતિનિધિ) દાહોદ, તા.3 આ કાર્યક્રમમાં શાળાના વિદ્યાર્થીઓ ઉપરાંત લીમડી શહેર અને આસપાસના વિસ્તારોમાંથી ૦ થી ૧૪ વર્ષના અંદાજે ૧૦૦૦થી વધુ બાળકોએ સુવર્ણ પ્રાશનનો લાભ લીધો હતો, જે એક રેકોર્ડબ્રેક અને અદભુત સફળતા ગણાય છે. મહાનુભાવો દ્વારા પ્રોત્સાહન: આ આરોગ્યલક્ષી કાર્યક્રમમાં મુખ્ય અતિથિ વિશેષ તરીકે લીમડીના પોલીસ ઈન્સ્પેક્ટર શ્રી હસમુખભાઈ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે સંસ્થાના આ ભગીરથ કાર્યને બિરદાવતા જણાવ્યું હતું કે, "બાળકોના સ્વાસ્થ્ય માટે સ્કૂલ દ્વારા કરવામાં આવેલું આ આયોજન ખરેખર પ્રશંસનીય છે." આ પ્રસંગે શહેરના નામાંકિત ડોક્ટરો અને સામાજિક અગ્રણીઓએ પણ હાજરી આપી બાળકોને પ્રોત્સાહિત કર્યા હતા અને વાલીઓને આયુર્વેદિક પદ્ધતિના ફાયદાઓ વિશે માર્ગદર્શન આપ્યું હતું. અદભુત જનસેવા અને વ્યવસ્થાપન: સામાન્ય રીતે શૈક્ષણિક કાર્યક્રમો પૂરતી મર્યાદિત રહેતી સંસ્થાઓ વચ્ચે 'એચીવર સ્કૂલ'નો આ અભિગમ અલગ તરી આવ્યો હતો. સ્કુલ સિવાયના ૧૦૦૦થી વધુ બહારના બાળકો માટે પણ નિ:શુલ્ક વ્યવસ્થા કરી સંસ્થાએ સેવાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે. નિષ્ણાત તબીબોની દેખરેખ હેઠળ બાળકોને શાસ્ત્રોક્ત વિધિ મુજબ સુવર્ણ પ્રાશન કરાવવામાં આવ્યું હતું. ટીમ એચીવરની જહેમત: આટલી વિશાળ જનમેદની વચ્ચે પણ સમગ્ર આયોજન અત્યંત સુવ્યવસ્થિત અને શિસ્તબદ્ધ રીતે સંપન્ન થયું હતું.

# પંચમહાલ-દાહોદ જિલ્લામાં શ્રદ્ધાભેર હોળી ઉજવાઈ

## સંજેલી તાલુકામાં વિધિવત રીતે પૂજન અર્ચના કરી અને હોળી પ્રગટાવવામાં આવી



(પ્રતિનિધિ) સંજેલી, દાહોદ, તા.3 સંજેલી તાલુકા મુખ્ય મથકે આવેલ હોળી ચકલા ખાતે વર્ષોથી ચાલી આવતી પરંપરાગત્ રીતે પૂજન અર્ચના કરી અને સંજેલી સ્ટેટના રાજવી પરિવારના કામાખ્યાસિંહ જી ના હસ્તે પૂજન અર્ચન કરી અને સંજેલીમાં હોળી પ્રગટાવવામાં આવી હતી. તેમજ સંજેલી નગર સહિતના લોકો હોળી માતાની પૂજા કરવા માટે આવી પહોંચ્યા હતા. હોલિકા પૂજન માં પૂજાના સમય ના ચોઘડિયા માં આવી પહોંચી અને વિધિવત રીતે પૂજન કર્યું હતું. તેમજ નાના બાળકોથી લઈ વડીલો સહુ કોઈ હોળી માતાને નારીયલ વધેરી જળ અર્પિત કરી દીવો તેમજ અગરબત્તી કરી અને પ્રાર્થના સાથે હોળીના ફરતે ફેરા લગાવી અને સૌ કોઈએ પોતાના જીવનના આવેલી દુ:ખ દર્દ પીડા તકલીફ દૂર થાય તેમજ જીવનમાં સુખ શાંતિ સમૃદ્ધિની પ્રાર્થના કરી હતી. તેમજ નાના બાળકોને હોળી દર્શન કરાવી અને નિરોગી કાયા માટેની પ્રાર્થના કરવામાં આવી હતી. આમ સંજેલી તાલુકામાં નવા બસ સ્ટેન્ડ મંદિરે ચમારીયા મંદિરે, મહાકાળી મંદિરે તેમજ વાસિયા નેનકી સહિતના ગામોમાં પણ હોળી પ્રગટાવવામાં આવી હતી.

## વેજલપુર ગામમાં ઠેર ઠેર હોલીકા દહન ઉત્સવની શાનદાર ઉજવણી



કાલોલ : કાલોલ તાલુકાના વેજલપુર ગામે ઠેર ઠેર હોલિકા દહનની ઉજવણી કરવામાં આવી હતી હોલિકા દહન મુખ્ય મુસ્લિમ એરિયામાં આવેલ હોળી ચકલા માં વર્ષો થી ચાલી આવેલ આવેલ પરંપરા મુજબ સૌપ્રથમ મુસ્લિમ વિસ્તારમાં હોલી દહન કરવામાં આવી હતી જેમાં આખા ગામના લોકો ફેરા ફરે છે અને મુસ્લિમ વિસ્તારમાં આવેલ હોળી ચકલા નામ થી જાણીતું છે જેથી સૌપ્રથમ હોળી ચકલા પાસે બ્રાહ્મણોના મંત્રો ઉચ્ચાર સાથે હોળી પ્રગટાવવામાં આવી હતી ત્યારબાદ વેજલપુરના વિવિધ વિસ્તારો જેવા કે મુખ્ય બજારમાં ચોરા પાસે શ્રીમહાકાળી માતાજીના મંદિર પાસે સિંધી બજારમાં જુલેલાલ મંદિરના ચોકમાં. મંદિર ફળિયામાં માં શ્રી નાથજી હવેલી પાસે ખેડા ફળીયા માં તેમજ વિવિધ વિસ્તારોમાં હોલિકા દહન ઉત્સવની શાનદાર ઉજવણી કરાઈ હતી.

## દાહોદની ગાંધી ચોકમાં હોળી પ્રગટાવાતા નાગરિકો દર્શનાર્થે ઉમટી પડ્યા



(પ્રતિનિધિ) દાહોદ, તા.3 દાહોદ સહિત જિલ્લામાં પૂનમના દિવસે ચંદ્ર ગ્રહણ હોવાને કારણે ગઈ કાલે એટલે કે ચૌદસના દિવસે મોડી સાંજના સમયે હોળી હતી. સાંજે સવા સાત વાગ્યે દાહોદની ગાંધી ચોકની મુખ્ય હોળી પ્રગટાવવામાં આવી હતી. ત્યારબાદ પરંપરા મુજબ તે હોળીની ઝાળથી દરેક વિસ્તારના એક એક વ્યક્તિ પોતાની સાથે મસાલ લઈ આવેલા લોકોની ભારે ભીડ જોવા મળ્યું હતું. હોળીના ફેરા ફરી હોળી તાપી લોકોએ ધન્યતા અનુભવી હતી. હોળી ચકલે દાહોદ વાસીઓએ એકબીજાને અબીલ ગુલાલ લગાવી હોળીનો આનંદ મનાવ્યો હતો. અને લોકોએ હોળી ફરતે ફેરાફરી ધન્યતા અનુભવી હતી અને સવાર માં પરંપરા મુજબ મહિલાઓ દ્વારા જળ વડે દાહોદ શહેર સહિત જિલ્લામાં હોળીના તહેવારનું પણ આગવું મહત્વ છે. દાહોદમાં હોળી પ્રગટાવાથી લઈ ધુળેટી રમવા સુધીની ઉજવણીમાં વિવિધતા જોવા મળી રહી છે. દિવસ પર હકડેઠઠ ભીડ બાદ મહિલાઓ દ્વારા હોળી પૂજન કરાયા બાદ લાવેલ મસાલ સળગાવી પોતાની હોળી સુધી દોડતા જઈ પોતાની હોળી તે મસાલ વડે પ્રગટાવી હતી.